# સોરઠ ઈન્ટરનેશનલ સ્કુલ, વંથલી રોડ,જુનાગઢ

## વિષય : સામાજિક વિજ્ઞાન

પેપર – ૨

વિભાગ – A (24 ગુણ)

**➔ નીચે આપેલા પ્રશ્ન નં.:- 1 થી 24 ના માગ્યા મુજબ જવાબ આપો: (દરેકનો એક ગુણ)**

**♦ યોગ્ય જોડકા જોડો:**

| A | B |
|---|---|
| 1) શેત્રુંજય જૈન તીર્થ | A) ધોળાવીરા |
| 2) ખદીર બેટ | B) સારનાથ |
| 3) વારાણસીનો પ્રસીધ્ધ મઠ | C) સિધ્ધપુર |
| 4) મહર્ષિ પાણીની | D) પાલીતાણા |
| 5) કલ્હણ | E) અષ્ટાધ્યાયી ગ્રંથ |
| | F) રાજતરંગીણી ગ્રંથ |

**♦ નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.**

6) પર્યટન ઉદ્યોગો જે – તે રાજ્યને આર્થિક લાભ કરાવી આપે છે.

7) ગીધ એ માનવીનો સફાઈ કામદાર ગણાય છે.

8) હિમાલયમાં લગભગ 2000 મીટરની ઉંચાઈએ હિમદીપડાની પ્રજાતિ બરફમાં રહે છે.

9) કોંકણની રેલ્વે ઈજનેરી કૌશલ્યનો શ્રેષ્ઠ નમુનો છે.

10) ભારતમાં આશરે 100 જેટલા રજ્જુ માર્ગો છે.

**♦યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

11) ........એટલે એક સ્થળેથી બીજા સ્થળે માનવી કે માલસામાનની હેરફેર. (પરિવહન, વ્યાપાર, સરહદ માર્ગ)

12) ગુજરાતમાં ............ સૌથી મોટું રેલ્વે સ્ટેશન છે. (વડોદરા, સુરત, અમદાવાદ)

13) અર્થશાસ્ત્રની પરિભાષામાં જમીન એટલે તમામ પ્રકારની ......... સંપતિ. (માનવ સર્જિત, કુદરતી, આર્થિક)

14) 2015 પ્રમાણે ભારતની માથાદીઠ કુલ ઘરેલું પેદાશ ........ ડોલર છે. (5228,5230,5238)

15) ......... અભિયાન દ્વારા જાતિભેદ નાબુદીનો કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો છે. (સરસ્વતી સાધના, સફાઈ, બેટી બચાવો)

**♦નીચેના પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

16) વારસો એટલે ................

A) પૂર્વજો તરફથી મળેલી અમૂલ્ય ભેટ B) આપણી પાસે જે કંઈ છે તે
C) માનવવર્તનની દ્રઢ અને પારંપરિક ભાત D) અનુજો તરફથી મળેલ ભેટ

17) દેશના અર્થતંત્રને વિશ્વની અર્થવ્યવસ્થાનો ભાગ બનાવવાની નીતિને કઈ નીતિ કહેવાય?

A) ઉદારીકરણ B) ખાનગીકરણ C) રાષ્ટ્રીયકરણ D) આર્થિકીકરણ

18) ગ્રાહક સુરક્ષા એ શાની ઝુંબેશ છે?

A) ગ્રાહક આંદોલન B) ગ્રાહક જાગૃતિ C) ગ્રાહક વ્યવસ્થા D) ગ્રાહક રક્ષણ

19) અનુસુચિત જાતી નક્કી કરવા માટે કઈ બાબતને આધાર ગણવામાં આવે છે?

A) અસ્પૃશ્યતા B) ધર્મ C) સંપ્રદાય D) એક પણ નહિ.

20) રાજ્યની માલિકીના ઔદ્યોગિક સાહસોની માલિકી અથવા તેનું સંચાલન ખાનગીક્ષેત્ર ને સોંપવાની પ્રક્રિયા એટલે .................

A) ઉદારીકરણ B) રાષ્ટ્રીયકરણ C) ખાનગીકરણ D) વૈશ્વિકીકરણ

**♦ નીચેના પ્રશ્નોના સંક્ષિપ્તમાં જવાબ આપો.**

21) ભારતના મુખ્ય બે મહાકવ્યો ક્યાં ક્યાં છે?

22) કાળી જમીનના નિર્માણમાં કોની ભૂમિકા મુખ્ય છે?

23) ગુજરાતના ક્યાં જિલ્લાઓમાંથી બોક્સાઈટ મળે છે?

24) ભારતીય અર્થતંત્રનું હૃદય કયું છે.

વિભાગ – B (18 ગુણ)

**➔ નીચે આપેલા પ્રશ્ન નં.:- 25 થી 37 ના ટૂંકમાં ઉત્તર લખો: (દરેકનાં બે ગુણ) (13 માંથી કોઈપણ 09)**

25) આપણે નદીઓને 'લોકમાતા'નું બહુમાન આપ્યું છે? શા માટે ?

26) પ્રાચિનતમ પ્રજા તરીકે દ્રવિડોનો પરિચય આપો.

27) કથક નૃત્યશૈલીનો પરિચય આપો.

28) ગુજરાતના ગરબા અને ગરબી વિશે ટૂંકમાં માહિતી આપો.

29) કોણાર્કના સૂર્યમંદિર વિશે માહિતી આપો.
30) કુતુબમિનાર વિશે માહિતી આપો.
31) વન્યજીવોના સંરક્ષણ માટેના ચાર ઉપાયો જણાવો.
32) મેંગેનીઝના ઉપયોગો જણાવો.
33) અબરખના ગુણધર્મો અને ઉપયોગો લખો.
34) ભારતના રેશમી કાપડ ઉદ્યોગ વિશે માહિતી આપો.
35) ભારતના સિમેન્ટ ઉદ્યોગ વિશે ટૂંકમાં માહિતી આપો.
36) કેવા લોકોને અનુસુચિત જનજાતિ તરીકે ઓળખવામાં આવે છે?
37) મણીપુરમાં ક્યાં બળવાખોર સંગઠનો વધુ સક્રિય છે?

વિભાગ – C (18 ગુણ)

**➔ નીચે આપેલા પ્રશ્ન નં.:- 38 થી 46 ના મુદ્દાસર ઉત્તર લખો: (દરેકનાં ત્રણ ગુણ) (09 માંથી કોઈપણ 06)**

38) સ્તંભોલેખો પરની કલા વિશે માહિતી આપો.
39) ગુજરાતની ગુફાઓનો પરિચય આપો.
40) વેદો કેટલા છે? ક્યાં ક્યાં? દરેકની ટૂંકમાં માહિતી આપો.
41) બજાર પધ્ધતીના લક્ષણો જણાવો.
42) શબ્દ સમજાવો. – જમીન ધોવાણ
43) ખાનગીકરણના લાભ અને ગેરલાભ જણાવો.
44) 'ગ્રાહક સુરક્ષા અધિનિયમ' અતર્ગત ગ્રાહકોના અધિકારો જણાવો.
45) ભારતમાં સ્વાસ્થ્ય સુધારણા માટે થયેલી કામગીરી વર્ણવો.
46) આતંકવાદની આર્થિક અસરો જણાવો.

વિભાગ – D (20 ગુણ)

**➔ નીચે આપેલા પ્રશ્ન નં.:- 47 થી 53 ના સવિસ્તાર ઉત્તર લખો: (દરેકનાં ચાર ગુણ) (07 માંથી કોઈપણ 04)**

**➔ પ્રશ્ન નં.:- 54 ફરજિયાત છે.**

47) પ્રાચીન ભારતનું ગણિતશાસ્ત્રમાં યોગદાન જણાવો.
48) વાસ્તુશાસ્ત્રના પ્રણેતાઓના નામ લખો. વાસ્તુશાસ્ત્રમાં કઈ – કઈ બાબતોનો સમાવેશ થાય છે?
49) ઘઉંના પાક માટે ક્યાં સંજોગો અનુકુળ છે? તેનું નોંધપાત્ર ઉત્પાદન કરનારા ભારતના રાજ્યો કે પ્રદેશોના નામ જણાવો.
50) તફાવત સમજાવો. – ખરીફ પાક રવિપાક અને જાયદપાક
51) બેરોજગારીના કારણો જણાવો.
52) ગરીબીરેખા હેઠળ જીવતા લોકોના લક્ષણો જણાવો.
53) ભારતના બંધારણમાં ક્યાં બાળ અધિકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે?
54) નકશો :

1. રણ પ્રકારની જમીન ધરાવતું રાજ્ય
2. તમાકુ ઉત્પાદન કરતો પ્રદેશ
3. ખાંડ ઉદ્યોગનું કોઈ એક કેન્દ્ર
4. નર્મદા ખીણ યોજના